જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૬/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૬૬/૧૭

નવરંગપુરા પોસ્ટે. વિસ્તારમાં તા.૩૧/૫/૨૦૧૭ ના રોજ આંગડીયા પેઢીના કર્મચારી પાસેના એક્ટીવામાંથી રૂ.૪૦ લાખ ની રોકડ રકમ ની ચોરી થતા જે કર્મચારીએ આત્મહત્યા કરી લીધેલ જે ગંભીર ગુનામાં બે આરોપીઓને પકડી લઈ અનડીટેકટ ગુનાનો ભેદ ઉકેલતી ક્રાઇમ બ્રાન્ચ.

નવરંગપુરા પોસ્ટે. વિસ્તારમાં સી.જી.રોડ ઉપર આવેલ બોડીલાઈન ચારરસ્તા પાસે આવેલ, ઈસ્કોન આર્કેડમાં દુકાન નં-૨૨૩ માં આર.કે.એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીની ઓફીસ આવેલ છે. આ આંગડીયા પેઢીના કર્મચારી પ્રવિણભાઈ ઠક્કર રહે જી/૨૦૪, સીરીન હાઈટસ, વિશ્વકર્મા મંદિર સામે ચાંદલોડિયા અમદાવાદ નાઓ ગઈ તા.૩૧/૦૫/૨૦૧૭ ના રોજ આ પેઢીના ધંધાના રોકડા રૂ.૪૦ લાખ જે તેઓ આશ્રમરોડ ચિનુભાઈ ટાવર ખાતેની એસ.બાબુલાલ આંગડીયા પેઢીમાંથી પોતાની પાસેની એકટીવામાં મુકી જે લઈને તેઓ ઈસ્કોન આર્કેડના બેઝમેન્ટ ખાતેના પાર્કિગમાં આવી પોતાનુ એકટીવા પાર્ક કરેલ અને તેઓને ચક્કર આવતા થોડેદુર બેસી ગયેલ જે દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમો આ એકટીવાની ડેકી ખોલી તેમાંના રૂ.૪૦ લાખ ની ચોરી કરી લઈ ગયેલ. અને આ બનાવની જાણ આર.કે.એન્ટરપ્રાઈઝવાળી આગંડીયા પેઢીના માલીક કમલેશભાઈ ઉર્ફે કપીલ રમેશકુમાર હાલાણી નાઓને કરતા તેઓએ આજુબાજુના સી.સી.ટીવી વિગેરેની તપાસ કરવાની તજવીજ કરેલ તે વખતે ઉપરોક્ત કર્મચારી પ્રવિણભાઈ ઠક્કર નાઓએ આ કોમ્લેક્ષના ત્રિજા માળેથી કુદકો મારી આત્મહત્યા કરતા જે બાબતે નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે અકસ્માત મોત દાખલ થયેલ અને ઉપરોક્ત ચોરીના બનાવ બાબતે આર.કે.એન્ટરપ્રાઈઝવાળી આગંડીયા પેઢીના માલીક કમલેશભાઈ ઉર્ફે કપીલ રમેશકુમાર હાલાણીનાઓએ અજાણ્યા ઈસમો વિરુદ્ધમાં તા.૧૩/૦૬/૧૭ ના રોજ ચોરીની ફરીયાદ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે આપતા નવરંગપુર પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુરનં૮૯/૨૦૧૭ ઈપીકો ક્લમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુન્હો રજીસ્ટર કરાવેલ

આ ગુન્હો બનેલ ત્યારથી અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ, તથા ક્રાઈમબ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન તથા એ.સી.પી. શ્રી ડો.રાજદિપસિંહ ઝાલા નાઓએ આ ગુન્હામાં સંડોવાયેલ ઈસમોને શોધી કાઢવા સારૂ આ ગુન્હામાં સંડોવાયેલ ઈસમો અંગેની શક્યતા બાબતે આજુ-બાજુના સી.સી.ટીવી ફુટેઝ સહીતની ઝીણામાં-ઝીણી માહીતી એકત્ર કરવા સારુ ખાસ સુચના કરેલ હતી, જે આધારે આ ગુન્હાના આરોપીઓ તથા મુદ્દામાલ તાત્કાલિક અસરથી શોધી કાઢવા ક્રાઇમ બ્રાન્ચના અધિકારી/કર્મચારીઓ કાર્યરત હતા.

**આ દરમ્યાન સી.સી.ટીવી ફુટેઝ માં જણાયેલ વિગત આધારે સરદારનગર વિસ્તારના છારા કોમના ઈસમો સંડોવાયેલ હોવાનુ જણાઈ આવેલ અને આ ગુન્હામાં સંડોવાયેલ ઈસમોની ખાનગી રાહે હકીક્ત એકત્ર કરવામાં આવેલ. જે આધારે સરદારનગર વિસ્તારમાં ખુબજ ખાનગી રીતે તપાસ કરવામાં આવી રહેલ હતી.**

**આ દરમ્યાન ગઈ કાલ તા.૧૯/૦૬/૧૭ ના રોજ પો.સ.ઈ.શ્રી સી.બી.ચૌધરી તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા,તે દરમ્યાન સ્ટાફના માણસો હે.કોન્સ. અજયકુમાર જાબરમલ તથા હે.કોન્સ.અરુણકુમાર બાબુરાવ નાઓને મળેલ ચોકક્સ અને સચોટ બાતમી હકીકત આધારે, કુબેરનગર રેલ્વે ફાટક ખાતેથી આરોપીઓ** (૧) સતિષ વીનુભાઇ માચરેકર (છારા) ઉ.વ. ૪૦ રહે. સીંગલચાલી, છારાનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર તથા (૨) પ્રહલાદ ખીમજી બંગાલી(છારા) ઉ.વ. ૬૦ રહે. ફ્રી-કોલોની, છારાનગર પાણીની ટાંકી પાસે, કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર **નાઓ તેઓના કબ્જાની એકટીવા નં-જીજે.૦૧એમ.ઈ ૭૨૭૦ માં** રોક્ડ રકમ રૂ.૫,૯૩,૦૦૦/- સાથે **મળી આવતા, જેઓના કબ્જાનો મુદામાલ કુલ્લે કીરૂ.૬,૨૩,૦૦૦/- નો મુદામાલ કબ્જે લઈ જેઓને ગઈકાલ તા.૧૯/૬/૧૭ ના રોજ સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરવામાં આવેલ છે**

**સદર પકડાયેલ બન્ને આરોપીઓની પ્રાથમીક પુછપરછ કરતાં બન્નેએ ઉપરોકત ગુનાની કબુલાત કરતાં બન્ને આરોપીઓને ઉપરોકત નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ગુરનં ૮૯/૨૦૧૭ ઈપીકો ક્લમ ૩૭૯,૧૧૪ મુજબના ચોરીના અનડીટેકટ ગુનામાં સોપવા તજવીજ કરવામાં આવેલ છે.**

આરોપીઓનો ગુન્હાહીત ઈતિહાસ

(૧) આરોપી **સતિષ વીનુભાઇ માચરેકર (છારા)** નાનો અગાઉ અજમેર તથા ગાંધીધામ કચ્છ ખાતે તેમજ અમદાવાદ શહેરમા કાગડાપીઠ તથા પાલડી તથા સરખેજ તથા બાપુનગર તથા સરદારનગર પોલીસ સ્ટેશનમાં ચોરી તથા બેગ લીફ્ટીંગના ગુન્હાઓમાં તથા સરદારનગર પોલીસ સ્ટેશનમાં એક મારા-મારીના ગુન્હામાં અગાઉ પકડાઈ ચુકેલ છે તેમજ

(૨) આરોપી **પ્રહલાદ ખીમજી બંગાલી(છારા)** નાનો અગાઉ કલકતા તથા દિલ્હી ખાતે બેગ લીફ્ટીંગમાં તેમજ અમદાવાદ શહેરમાં સરખેજ પોલીસ સ્ટેશનમાં બેગ લીફ્ટીંગમાં તથા સરદારનગર પોલીસ સ્ટેશનમાં એક દારુના કેશમાં અગાઉ પકડાઈ ચુકેલ છે

# દરિયાપુર પોલીસ દ્વારા પોલીસની ઓળખ આપી ગુનાઓ કરતી ગેંગ પકડી ગુનાઓ શોધયા

આગામી રથયાત્રા તથા રમજાન ઇદના તહેવારો/બંદોબસ્ત અનુસંધાને તેમજ મિલ્કત સબંધી તથા વાહન ચોરીના ગુનાઓ બનતા અટકાવવા તથા વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા સર્વેલન્સ સ્કવોડ પો.સ.ઇ. પી. આર. જાડેજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૨૩/૧૫ વાગે સાથેના હેડ કોન્સ. સંજયકુમાર રામાભાઇ બ.નં-૮૯૭૧ તથા પો. કોન્સ. ઇશ્વરભાઇ શંકરભાઇ બ.નં-૯૪૧૮ નાઓને મળેલ બાતમી હકિકત આધારે કાલુપુર ચોખાબર ખાતેથી (૧) શાહીદહુસેન ઉર્ફે ભુરા અનવરહુસેન જાતે અંસારી ઉ.વ-૩૬ રહે-મ.નં-૯૯૯ અકબરનગરના છાપરા, મુર્ગા ફારમ રોડ, બાપુનગર, અમદાવાદ શહેર (૨) મોહમદ મુસેફ ઉર્ફે સોહરાબ મોહમદ હનીફ જાતે કુરેશી ઉ.વ-૨૮ રહે- મ.નં-03 સિલ્વર પાર્ક સોસાયટી, સકુન સોસાયટી પાસે, સરખેજ પોલીસ સ્ટેશન સામે, સરખેજ, અમદાવાદ શહેર તથા (3) ઇનાયત ઉર્ફે ફૈઝાન નાસીરભાઇ જાતે છીપા ઉ.વ-૨૪ રહે- સિપાઇ વાસ, માર્કેટે પાસે, સરખેજ ગામ, અમદાવાદ શહેર નાઓને દરિયાપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૨૯/૨૦૧૭ ઇ.પી.કો. કલમ-૩૮૪, ૧૭૦, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબના ગુનાના મુદામાલના (૧)રોકડ નાણા રૂપિયા ૪,000/-(૨)રીક્ષા નં- **GJ-01-DX-4087** જેની અંદાજીત કિ.રૂ.૧,૫0,000/- (3) પલ્સર મોટર સાયકલ નં- **GJ-27-BB-3166** કિ.રૂ.૩૫,000/- (૪) સેમસંગ **GT-19082** કિ.રૂ.૨000/- (૫)અન્ય નાણા રૂ.૬૫0/-સાથે પકડી તા.૨0/૬/૧૭ ના કલાક 00/30 વાગે ઉપરોક્ત ગુનામા અટક કરી ગુનો શોધેલ હોય તેમજ આ કામના આરોપીઓએ આશરે પંદર દિવસ અગાઉ રીક્ષામા પેસેન્જર બેસાડી રોકડ નાણા રૂપિયા ૬૧,000/- કાઢી લીધેલાનુ તથા આજ રીતે એક મોબાઇલ ફોન ચોરી કરેલ હોવાની હકિકત જણાવતા હોય સદરી આરોપીઓની વધુ તપાસ ચાલુ છે.

---



શાહિદ હુસેન @ ભૂરા અનવર હુસેન અન્સારી રહે - બાપુનગર



ફૈઝાન @ ઇનાયત નાસિરભાઈ છીપા રહે- સરખેજ

**<u>ઓઢવ પોલીસ સ્ટેશન</u>**

પોલીસ ઈન્સ્પેકટર શ્રી ઓઢવ પોલીસ સ્ટેશન નાઓની સુચનાથી અગામી રથયાત્રા અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ પો.સબ.ઈન્સ.આર.એન.ખાંટ સર્વેલન્સ સ્કોડ નાઓ સર્વેલન્સ સ્કોડના હેકો જીતેન્દ્રસિંહ હઠીસિંહ બ.ન ૭૯૭૦ તથા હે.કો જયેશભાઈ કોદરભાઈ બ.નં ૮૨૪૪ તથા પો.કો અશોકભાઈ ભીખાભાઈ બ.ન ૯૬૮૮ તથા પો.કો મહેન્દ્રસિંહ જગતસિંહ બ.ન ૫૮૧૭ તથા લોકરક્ષક શક્તિસિંહ ગજાભાઈ બનં.૩૪૬ તથા બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો અશોકભાઈ ભીખાભાઈ તથા પો.કો મહેન્દ્રસિંહ જગતસિંહ નાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે ઓઢવ તા.૧૯.૦૬.૧૭ કલાક ૨૨.૩૦ વાગ્યે રીન્કુ સ/ઓ રતનકુમાર રાઠોડ ઉ.વ ૨૩ રહે મ.નં ૩૫ વૃંદાવનપાર્ક સોસાયટી અત્રી ફ્લેટની બાજુમાં આદિનાથનગર ઓઢવ અમદાવાદ શહેર મૂળ વતન ગામ નગલાસરાય ઔછા તા.બસરાના જી.મેનપુરી યુ.પી નાનો કોઇપણ જાતના હથિયાર પરવાના કે પાસ પરમીટ વગર પોતાના કબ્જામાં બે દેશી તમંચા તેમજ ચાર જીવતા કારતુસ રાખી ઓઢવ રીંગરોડ કાકા ભાજીપાઉં રેસ્ટોરન્ટ આગળ જાહેર રોડ ઉપર પકડી સદરી વિરુધ્ધ ધી આર્મ્સ એકટ કલમ ૨૫(૧-બી).(એ) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી બે દેશી તમંચા કિ.રુ.૭૦૦૦/- તેમજ ચાર જીવતા કારતુસ કિ.રુ.૧૦૦૦/- તથા એક મોબઈલ ફોન કિ.રુ.૫૦૦/- મળી કુલ્લે કિ.રુ.૮૫૦૦/- નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ હોય આરોપી મુદામાલની કોઇ ગુનાના કામે જરૂર હોય તો ઓઢવ પોલીસ સ્ટેશન સંપર્ક કરવા વિનંતી છે.તા.૧૯.૦૬.૧૭

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.